રાજ્ય સરકારે હાઈટેક સંચાલન કર્યું છે અને નિરંતર અદ્વિતીય સાવધાની દાખવી છે. ૪૫ દિવસીય મહા કુંભના સંચાલનમાં સૌથી વધુ નવીન રહી છે, જેમાં એરિયલ સર્વેલન્સ અને લોકો પર નજર રાખવા માટે મોબાઈલની હિલચાલનું ટ્રેકિંગ સામેલ છે. છતાં એમને અમાસના અપયશનો કડવો ઘૂંટડો પીવાનો આવ્યો. ૧૩ જાન્યુઆરી અને ૨૬ ફેબ્રુઆરી વચ્ચે મહાકુંભના સમાપન સુધી ઉત્તર પ્રદેશની બમણી વસ્તીને સંભાળવાનો પ્રયાસ પણ એક અભૂતપૂર્વ સિદ્ધિ છે. હિન્દુઓએ ત્રિવેણી સંગમની આસપાસ ૬૫ કિલોમીટરના અસ્થાયી જિલ્લાની વ્યવસ્થા અંગે જાણ કરી હતી, પરંતુ સંગમનો વ્યાસ માત્ર એક કિલોમીટર છે, જેના માટે સતત દેખરેખ અને સ્થિર ભીડ વ્યવસ્થાપનની જરૂર છે. મહાકુંભ દરમિયાન થયેલી નાસભાગે જૂના ઘા ખોલી નાખ્યા છે. આઝાદી બાદ કુંભ મેળામાં ઘણી નાસભાગ મચી છે. સેંકડો લોકો પણ મૃત્યુ પામ્યા, પરંતુ તે બધા અકસ્માતોમાંથી પ્રજા અને સરકાર ક્યારેય પાઠ ન શીખ્યા. દર વખતે તંત્રની કોઈ ને કોઈ બેદરકારી કે ખામી સામે આવી. મોટા ભાગના કિસ્સાઓમાં વહીવટીતંત્ર ભીડને કાબૂમાં લેવામાં નિષ્ફળ રહ્યું હતું.

ગયા કુંભમાં પણ આવું જ થયું હતું, જ્યારે પ્રયાગરાજ પહોંચેલા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને રેલવે અને જિલ્લા વહીવટીતંત્ર સંભાળી શક્યું ન હતું. સ્ટેશન પર બનેલા ફૂટબ્રિજ પર નાસભાગ મચી ગઈ હતી અને બેતાલીસ લોકો માર્યા ગયા હતા. આ વખતે પણ એવું જ થયું. મહાકુંભની સુરક્ષા માટે જવાબદાર લોકોને ખબર હતી કે મૌની અમાવસ્યા પર મોટી સંખ્યામાં લોકો સ્નાન કરવા આવશે તો તે મુજબની વ્યવસ્થા કેમ કરવામાં આવી ન હતી? તે સ્પષ્ટ છે કે ભીડ વ્યવસ્થાપન માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી. થોડા સમય પહેલા કુંભમેળા વિસ્તારમાં આગની ઘટના બની હતી. ત્યારથી ત્યાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. આવી સ્થિતિમાં લાખો-કરોડો લોકોની ભીડને ધ્યાનમાં રાખીને બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરવાની જરૂર હતી. તે દુઃખદ છે કે દરેક કુંભ મેળા પછી સારી તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાના દાવા કરવામાં આવે છે. પરંતુ અકસ્માતો અટકતા નથી. આ વખતે મહાકુંભ પહેલા જ સંગમ સ્થળે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચશે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો.

કુંભ મેળાના સ્થળની તૈયારી કરતી વખતે, શું અનુભવી અધિકારીઓએ ધાર્યું ન હતું કે આ વખતે અગણિત ભીડ આવશે? જે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે અને જે આંકડા આપવામાં આવી રહ્યા છે તે મુજબ કુંભ સંકુલ અને નદીના કિનારા ખરેખર જ અપૂરતા છે. એમાં કોઈ મેજિક તો થઈ શકે નહિ. હાલમાં ઉત્તર પ્રદેશ સરકારનો સમગ્ર સ્ટાફ કાર્યક્રમને સફળ બનાવવામાં અતિશય વ્યસ્ત છે. છતાં ક્યાં અંતર છે તે પ્રશ્ન થવો સ્વાભાવિક છે. સંગમ પર વધતી જતી ભીડને નિયંત્રિત કરવા માટે કોઈ અગાઉથી મૂલ્યાંકન કેમ કરવામાં આવ્યું ન હતું? આ પણ સુરક્ષા કર્મચારીઓની બેદરકારી છે, કારણ કે તેઓ સંકટને સમયસર સમજી શક્યા નથી. આ ઈવેન્ટ માટે હજારો કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પ્રચંડ પ્રચારની અસર એ હતી કે દેશના ખૂણે ખૂણે રહેતા ભક્તોએ સંગમમાં ડૂબકી મારવાનું નક્કી કર્યું.

પરિણામ એ આવ્યું કે લાખો અને કરોડો લોકોએ પરિવહનના વિવિધ માધ્યમો દ્વારા સંગમ તરફ પ્રયાણ કર્યું. ૧૩મી જાન્યુઆરીથી શરૂ થયેલા આ કાર્યક્રમના પ્રારંભિક તબક્કામાં લાખો ભક્તો ભેગા થવા લાગ્યા. આવી સ્થિતિમાં આખા શહેર અને મેળા વિસ્તારમાં આટલા લોકો માટે રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જરૂર હતી. જેના કારણે ચોક્કસ સંખ્યામાં શ્રદ્ધાળુઓ સંગમ તરફ જતા અને ત્યાંથી ચોક્કસ ક્રમમાં રવાના થઈ જતા, પરંતુ એવું ન થયું અને તમામ વ્યવસ્થાઓ ઠપ્પ થઈ ગઈ. કરોડોની ભીડને સંભાળવા માટે સાત સ્તરીય સુરક્ષા પણ કામ કરી શકી નથી. હાલમાં આ અકસ્માતે ફરી એકવાર સખત પાઠ ભણાવ્યો છે.

# અમરેલી જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઇ

## બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી દિલીપસિંહ ગોહીલની ઉપસ્થિતી

અમરેલી,

અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેક્ટર શ્રી દિલિપસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની યોજાઈ હતી. નિવાસી અધિક કલેક્ટરશ્રીએ માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા કરતા વાહન ચાલકોની સલામતી માટે સંબંધિત અધિકારીશ્રીઓને જરુરી દિશાનિર્દેશ આપ્યા હતા. અમરેલી જિલ્લા સેવા સદન કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રીએ, વાહન ચાલકોની સલામતી માટે અમરેલી જિલ્લાના વિવિધ રસ્તા પર આવશ્યકતા મુજબ જરુરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, બ્રેકર, સ્પીડ લિમિટ દર્શાવતા બોર્ડ, રેડિયમ, માર્કિંગ પટ્ટા, બેરિયર લગાવવા સહિતના સૂચન કર્યા હતા. આ બેઠકમાં શાળાઓ આગળ સાઈન બોર્ડ લગાડવાની કામગીરી અંગે પણ સમિતિએ ચર્ચા કરી અને માર્ગો પર આવતી શાળાઓની યાદી તૈયાર કરવાની તજવીજ હાથ ધરવા જણાવ્યુ હતુ. રોડ સેફટી સંદર્ભે વિવિધ વિભાગ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સમીક્ષા કરી માર્ગ સલામતી માટે જરુરી પગલાંઓ લેવા માટે પરામર્શ કરવામાં આવ્યો હતો. સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ પઢિયાર અને શ્રી શાહે માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગોહિલ, માર્ગ મકાનના વિભાગ રાજ્ય અને પંચાયત, પોલીસ, આરોગ્ય, નેશનલ હાઈ-વે ઓથોરિટી, ઈમર્જન્સી સેવા ૧૦૮ સહિત કચેરીઓના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ડેડાણમાં જરૂરીયાતમંદ લોકોને પાકા મકાન બનાવી આપવા સર્વે શરૂ કરો

## સર્વે કરવામાં નહી આવતા લોકોને મુશ્કેલી

ડેડાણ, (બહાદુરઅલી હિરાણી)

ડેડાણમાં કાચા મકાનોએ તેમને પાકા મકાન બનાવી આપવા સર્વે કરવામાં આવતો નથી. ઘણા એવા મકાનો છે કે રહેવાલાયક નથી. અનેક વખત ફોર્મ ભરીને મોકલીએ છતા પાસ થતા નથી. આવા મકાનનો સર્વે કરાવી પાકા મકાન બનાવવા અને ગ્રાન્ટ ફાળવવા આ વિસ્તારમાંથી લોકમાંગણી ઉઠી છે.

વિધવાપેન્શન

કેન્દ્ર સરકારે વિધવા પેન્શન યોજના લાગુ કરી છે. ઘણા સમયથી મહિલાઓને લાભ મળ્યો નથી. તેમાં આવકના દાખલાની શું જરૂર તેવો પણ સવાલ ઉઠયો છે. અનેક વખત પુરાવા માંગે છે. અને ગરીબ લોકો પરેશાન થાય છે. તેથી યોગ્ય કરવા અને લાભ આપવામાં નહી આવે તો સરકારનો બહિષ્કાર કરશે. તેમ લોકોમાંથી સુર ઉઠયો છે.

# ગ્રહોની ચાલ


રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૨.૨.૨૦૨૫ , રવિવાર ,સંવંત ૨૦૮૧, મહા સુદ ચોથ , ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર , શિવ યોગ, બવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે,ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે,દિવસ માધ્યમ રહે.
વૃષભ (બ,વ,ઉ) : આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે,સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.
મિથુન (ક,છ,ઘ) : નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય,દિવસ સારો રહે.
કર્ક (ડ,હ) : ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો,આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.
સિંહ (મ,ટ) : લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે,ધાર્યા કામ પાર ના પડે.
કન્યા (પ,ઠ,ણ) : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.
તુલા (ર,ત) : લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે,પૂજા પાઠથી બળ મળી રહેશે.
વૃશ્ચિક (ન,ય) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય,જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.
ધન (ધ,ભ,ફ,ઢ): મનમાં નવા તાજા વિચારો અને હકારત્મક્તા થી લાભ થાય,લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરુરુ છે.
મકર (ખ,જ) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે,સમજી ને ચાલવું.
કુંભ (ગ,સ,શ ) : નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે,કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.
મીન (દ,ચ,ઝ,થ): તમારી જાતને અંદર થી ઓળખી શકો,આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

### બારપટોળીના પાટીયા નજીક નવી બારપટોળી વચ્ચે બનેલી ઘટના

# રાજુલાના કાતર રોડ ઉપર બે બાઇક અથડાતા ૨ વિદ્યાર્થીના મોત

## અકસ્માતમાં ૧ ની હાલત ગંભીર : વધુ સારવાર હેઠળ રીફર કર્યા : પોલીસે તપાસ હાથ ધરી



રાજુલા, (જયદેવ વરૂ)

અમરેલી જિલ્લામા રાજુલા તાલુકાના કાતર રોડ ઉપર જૂની બારપટોળીના પાટિયા આગળ નવી બારપટોળી વચ્ચે ત્રિપલ સવારીમાં બાઇક વિદ્યાર્થીઓ રાજુલા ધોરણ ૧૧માં અભ્યાસ કરતા હતા પરીક્ષા આપી કાતર ગામ ઘરે જય રહ્યા હતા ૨ બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો જેમાં એક બાઇક બાવળની કાટમાં ઘુસી ગયું અને એક બાઇક રોડ ઉપર પડ્યું હતું જેમાં ત્રણેય વિદ્યાર્થીઓ પેકી બે વિદ્યાર્થી અતિ ગંભીર રીતે ઘાયલ થતા બંનેના મોત નિપજ્યા છે હજુ એકની હાલત અત્યંત ગંભીર હોવાને કારણે વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અકસ્માતની જાણ થતાં રાજુલા પી.એસ.આઈ.કે.ડી.હડીયા સહિત પોલીસની ટીમ ઘટના સ્થળે પોહચી અકસ્માત કેવી રીતે સર્જાયો તેને લઈ તપાસ હાથ ધરી અને અકસ્માતનો ગુન્હો નોંધવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

### વિદ્યાર્થીના અકસ્માતમાં મોત થયા

ત્રિપલ બાઇક સવાર મૃતક યોગેશભાઈ ભરતભાઈ બારૈયા,મૃતક અનિલભાઈ જીણાભાઈ સાંખટ બંનેના અકસ્માતમાં મોત થયા હતા ઘાયલ તુષારભાઈ ભરતભાઈ સોલંકીની હાલ સારવાર ચાલી રહી છે ત્રણેય વિદ્યાર્થીઓ કાતર ગામના રહેવાસી છે ઉપરાંત સામે અન્ય બાઈક ચાલક ફરાર થયો હોવાથી હાલ પોલીસએ અન્ય કોઈ બાઈક ચાલક છે કે કેમ? તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# મોટા બારમણના પ્રૌઢાને એસટી બસે હડફેટે લીધા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે રહેતા ભાવનાબેન મનુભાઈ પરમાર ઉ.વ.૪૩ પોતાના ઘરની બહાર રોડની સામેની બાજુ તા.૩૧-૧ ના ૮:૧૫ કલાકે વાસીદુ નાખવા માટે જતા હતા. તે વખતે રોડ ઉપર એસટી બસ સાવરકુંડલા જાફરાબાદ રૂટની જી.જે.૧૮ ઝેડ .ટી.૦૮૫૩ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ભાવનાબેન સાથે ભટકાવી હડફેટે લઈ શરીરે નાની મોટી ઈજાઓ કરી તેમજ નાકના ભાગે ફેકચર કરી સ્થળ ઉપર બસ મુકી ચાલક નાસી ગયાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભામાં બાળકનો જન્મ છુપાવવા કોઈ શખ્સે મૃત બાળકને ત્યજી દીધું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ખાંભા ભગવતીપરા વિસ્તારમાં કોઈ અજાણ્યા શખ્સે બાળકના જન્મને છુપાવવા માટે બાળકના મૃત દેહની છુપી રીતે નિકાલ કરી અવાવરું જગ્યામાં મૃત હાલતમાં બાળકને ત્યજી દઈ ગુનો કર્યાની પો.કોન્સ. વિરેનભાઈ ગડથલીયાએ ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લુણકીની સીમમાં બે શેઢા પાડોશીઓ વચ્ચે મારામારી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બાબરા તાલુકાના લુણકી ગામની બીડીની સીમમાં રંજનબેન મીઠાભાઈ કુંભાણી ઉ.વ.૪૮ તથા સામાવાળાના વાડી ખેતર એક શેઢે આવેલ હોય. અને આરોપીઓના ખેતરમાં આવેલ કુવો બંને વચ્ચે સહીયારો ભાગમાં હોય. રંજનબેનના પતિ તા.૩૧-૧ ના ૧૧:૩૦ કલાકે પોતાના સહીયારા કુવા ઉપર પાણી ખેંચવા માટેનું મશીન ચાલુ કરવા જતા. રંજનબેન તથા તેના ભાગીયા કનુભાઈ પણ સાથે ગયેલ હતા. બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના મેવાસાની સીમમાં પરીણીતાનું ઝેરી દવા પી જતા મોત

## વતનમાં જવુ હોય પતિએ ચાર પાંચ દિવસ પછી જવાનું કહેતા પગલું ભર્યુ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામે વંડા જવાના રસ્તે દિલુભાઈની વાડીએ એમપીના શ્રમિક પરીવારની રેખાબેન હજારીભાઈ ભુરીયા ઉ.વ.૩૦ ને વતનમાં જવુ હોય. પતિએ ચાર પાંચ દિવસ પછી જવાનું કહેતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા મોત નિપજયાનું પતિ હજારીભાઈ ગુલાબસિંહ ભુરીયાએ વંડા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલીમાં વરલી મેકર ઝડપાયો

## પોલીસે રોકડ રકમ તેમજ સાહિત્ય કબ્જે લીધું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી હીરામોતી ચોકમાં બીપીન મનુભાઈ પરમાર જાહેરમાં આંખ ફરકનો વરલી મટકાનો જુગાર રમી-રમાડી રોકડ રૂા.૬૨૦ તથા સાહિત્ય સાથે પો.કોન્સ.ચિરાગભાઈ માટીયાએ મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

# અમરેલી જીલ્લામાં દેશી દારૂના નવ સ્થળે દરોડા : ચાર મહિલા સહિત આઠ ઝડપાયા

## જીલ્લામાં એક વાહન ચાલક સહિત ૧૫ શખ્સો નશો કરી ઢીંગલી થયેલ ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા ૯ સ્થળે દેશી દારૂના દરોડાઓ પાડીને ૪ મહિલાઓ સહિત ૮ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં લીલીયા, ખાંભા, અમરેલી રૂરલ, અમરેલીસીટી, બાબરા પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે જીલ્લામાં એક વાહન ચાલક સહિત ૧૫ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નીકળતા પોલિસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં લાઠી, લીલીયા, દામનગર ,અમરેલી રૂરુલ, અમરેલીસીટી પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# અમરેલીમાં ટ્રાફીકને અડચણરૂપ રીક્ષા અને પુરઝડપે બાઈક ચલાવતા પોલીસે ગુના નોંધ્યા

## અમરેલીના રૂપમ ઢાળ નજીક પોલીસે ગુનો નોંધ્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી શાકમાર્કેટ પાસે જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે ઓટો રીક્ષા જી.જે.૦૯ વાય.૨૩૬૪ નાસીરશા લાલશા સોરઠીયા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. તેમજ રૂપમના ઢાળ પાસે મોસીન હનીફભાઈ ચૌહાણ પોતાનું હોન્ડા સાઈન જી.જે.૧૪ એ.આર.૪૭૩૩ પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવતા પોલિસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજુલા તાલુકા હેલ્થ વિઝીટરને વિદાયમાન અપાયું

## વય મર્યાદાના કારણે નિવૃત થતા સન્માનિત કરી વિદાયમાન આપ્યું



રાજુલા, (કનુભાઈ વરૂ)

તાલુકા આરોગ્ય કચેરી રાજુલા ખાતે તાલુકા હેલ્થ વિઝીટર તરીકે ફરજ બજાવતા માલતીબેન પીપળીયા વય મર્યાદાને કારણે એકત્રીસ જાન્યુઆરીના રોજ નિવૃત્ત થતા તેમનો નિવૃત્તિ વિદાય યોજવામાં આવ્યો હતો.

જેમા રાજુલા તાલુકાના આરોગ્ય સ્ટાફ દ્વારા તેમનુ સન્માન કરવામા આવેલ.

તાલુકા હેલ્થ વિઝીટર માલતીબેન પીપળીયા ૩૪ વર્ષ અને ૧૦ મહિનાની નોકરી બાદ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા આર.સી.એચ.ઓ ડો.અખિલેશ સિંઘ, ક્વોલિટી ઓફિસર ડો.આર.કે.જાટ,તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન.વી.કલસરીયા સહિતના આરોગ્ય સ્ટાફ દ્વારા સન્માન કરી જૂની યાદોને વાગોળી તેમના દરમિયાન માતા અને બાળકોને આપેલ સેવાઓ તેમજ આરોગ્યલક્ષી લોક ઉપયોગી યોજનાઓની કરેલ.

કામગીરીને બિરદાવવામા આવી હતી જે યાદીમાં જણાવેલ છે.

# જાફરાબાદના ટીંબીમાં હથિયારબંધી જાહેરનામા ભંગ કરતા એક ઝડપાયો

## છરી લઇને નીકળતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે કબ્રસ્તાન પાસે લતીફ સલીમભાઈ સોરાને છરી લઈને નીકળતા પો.કોન્સ.કિશનભાઈ શીયાળે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરતા ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# સાવરકુંડલામાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

સાવરકુંડલા દેવળા ગેઈટ ગોકુળ મેડીકલ પાસે ચોથાભાઈ માંગાભાઈ મેવાડાનો વીવો કંપનીનો રૂા.૧૬,૯૯૯ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### અગાઉ માથાકુટ થયાનું મનદુઃખ રાખી

# બગસરાનાં હુડકોપરામાં પરીવારજનો ઉપર હુમલો

## ચાર શખ્સોએ છરી, ધોકા અને ઢીકાપાટું વડે માર માર્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બગસરા હુડકોપરા દાડમાદાદાના મંદિર પાસે દિપ રમેશભાઈ ઉનાવા ઉ.વ.૧૯ તથા તેના કુટુંબીને વસીમ તથા અલ્ફેજ અને અરમાન સાથે એક વર્ષ પહેલા માથાકુટ થયેલ હોય. તેનું મનદુઃખ રાખી અલ્ફેજ તથા અરમાન આવી દિપભાઈને ગાળો આપી ઢીકાપાટું વડે મુંઢમાર મારી બાદ વસીમ તથા અરમાન આવી ગયેલ. અને ચારેય આરોપીઓએ દિપભાઈ રમેશભાઈ ઉનાવા તથા તેના કુટુંબીઓને ઢીકાપાટું વડે મુંઢમાર મારી અલ્ફેજએ ધોકા વડે સુરેશભાઈને મુંઢમાર મારી, વસીમે છરી વડે હર્ષલભાઈને હાથમાં ચરકાની ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સુડોકુ નં. ૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૨૮ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૮૦ થી ૧૪૯૨ મગફળી ૮૧૯ થી ૧૧૨૨

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૦૩-૧૦૮૦
શિંગમોટી-૮૧૯-૧૧૨૨
શીંગફાડા-૮૯૦-૧૧૫૦
તલસફેદ-૧૦૧૦-૨૧૪૦
તલકાળા-3000-૬૦૧૫
તુવેર-૯૪૦-૧૪૬૧
ઘઉંટુકડા-૫૬૧-૬૬૧
ઘઉંલોકવન-૫૬૩-૬૬૦
ચણા-૯૩૦-૧૦૮૦
કપાસ-૮૮૦-૧૪૯૨
ધાણા-૧૨૮૦-૧૩૫૫
સોયાબીન-૭૯૮-૭૯૪
અડદ-૮૨૦-૧૩૩૦
એરંડા-૧૦૫૫-૧૨૧૪
મરચાલાંબા-૫૭૦-૩૦૦૦
જીરૂ-૩૪૦૫-૩૯૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૨૦૦-૨૬૦
રીંગણા-૩૧૦-૪૧૦
કોબીઝ-૬૦-૧૯૦
ટમેટાં-૭૦-૧૧૦
સુરણ-૧૧૦૦-૧૨૦૦
ફોદીનો-૪૦૦-૬૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૩૪૦-૬૪૦
ગુવાર-૮૧૦-૧૨૧૦
દુધી-૧૬૦-૩૧૦
તુરીયા-૬૦૦-૮૦૦
ભીંડો-૫૦૦-૭૦૦
આદુ-૬૦૦-૭૦૦
કોથમીર-૨૧૦-૩૧૦
મેથીભાજી-૨૨૦-૩૨૦
ટીંડોરા-૫૦૦-૬૦૦
લીમડોમીઠો-૩૫૦-૪૧૦
મરચાલીલા-૪૦૦-૭૦૦
મુળા-૧૨૦-૨૨૦
લીંબુ-૯૦૦-૧૦૦૦
પાલક-૧૦૦-૩૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૮૦-૫૦૦
સોયાબીન-૭૫૯-૭૫૯
ઘઉં-૫૩૦-૭૦૧
જુવાર-૬૧૧-૯૭૦
કપાસ-૧૩૦૦-૧૪૬૦
રાજગરો-૧૬૪૧-૧૬૪૧
અડદ-૮૦૦-૮૦૦
ચણા-૧૦૭૫-૧૦૯૨
શીંગ-૯૦૦-૧૦૦૬
તુવેર-

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૮૦-૭૦૬
ડુંગળીલાલ-૧૫૦-૪૭૦
તલસફેદ-૨૦૦૦-૨૦૭૬
અડદ-
તુવેર-૧૦૦૦-૧૪૫૦
ચણા-૭૦૦-૧૦૮૬
ડુંગળીસફેદ-૨૧૦-૩૬૧
શીંગ-૧૦૨૦-૧૧૭૧
બાજરી-૫૦૦-૬૨૩
જુવાર-૪૯૦-૯૬૦
નાળીયેર-૫૬૬-૨૫૨૬

**બાબરા યાર્ડ**
કપાસ-
ઘઉં-
મગફળી-
સોયાબીન-
જીરૂ-
મગફળીબી.ટી.-
કપાસમીડીયમ-
તુવેર-

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૬-૧૪૦૦
તુવેર-૧૩૨૦-૧૩૨૦
ઘઉં-૫૪૫-૬૧૨
સોયાબીન-૬૭૧-૬૭૧
મગફળી-૬૦૫-૧૦૦૫
ધાણા-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૦૦-૧૦૪૦
શીંગમોટી-૯૫૦-૧૦૫૩
તુવેર-૧૩૫૦-૧૪૯૦
તલસફેદ-૧૫૭૧-૧૮૦૦
કપાસ-૧૩૦૦-૧૪૬૫
ઘઉંલોકવન-૬૦૦-૬૭૦
જીરૂ-૩૮૦૦-૪૦૦૩
જુવાર-૭૫૦
ચણા-૧૦૭૦-૧૧૪૧
સોયાબીન-૭૫૦-૭૮૨
એરડી-૧૧૮૫

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૫૨-૧૪૭૧
મગફળી-૧૦૦૦-૧૦૨૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૧૨૫-૧૪૮૬

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૦-૧૫૦૦
ચણા-૧૦૩૦-૧૦૪૦
મગફળી-૮૬૦-૯૦૧
શીંગદાણા-૧૧૦૦-૧૧૬૫
સોયાબીન-૫૫૦-૭૫૫
ઘઉંટુકડા-૫૧૬-૬૦૦
તુવેર-૧૨૭૨-૧૨૭૨
ઘઉંલોકવન-૫૫૪-૫૮૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૯૦૦-૧૪૦૦
દાડમ-૧૬૦૦-૨૪૦૦
મુસંબી-૪૦૦-૬૦૦
અંગુર-૮૦૦-૨૪૦૦
કીવી-૫૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૮૦૦
અનાનસ-૯૦૦-૧૧૦૦
જામફળ-૯૦૦-૧૪૦૦
કેળા-૩૫૦-૪૫૦
પોપૈયા-૪૦૦-૬૦૦
બોર-૪૦૦-૮૦૦
સફરજન કાશ્મીર-૧૬૦૦-૨૮૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ત્તમ તાપમાન-૨૯.૨
ન્યુનતમ તાપમાન -૧૪
ભેજનું પ્રમાણ -૭૮
પવનની ગતિ સરેરાશ -૨.૪

### અમરેલી પાલિકાની પેટાચુંટણીમાં નાગનાથ મહાદેવના આશીર્વાદ મેળવી

# અમરેલી પાલિકામાં કોગ્રેંસનાં ઉમેદવારોએ ઉમેદવારી કરી

## અમરેલી શહેરનાં વોર્ડ નં.૭ માં માધવીબેન રાજનભાઇ જાની અને ૫ નંબરમાં પ્રેમીલાબેન પંકજભાઇ રોકડની ઉમેદવારી



અમરેલી,

અમરેલી નગરપાલિકાની વોર્ડ ૭-૫ ની ચુંટણી જાહર થતા આજે વોર્ડ ૭ માં માધવીબેન રાજનભાઈ જાની અને વોર્ડ-૫ માં પ્રેમીલાબેન પંકજભાઈ રોકડે કોગ્રેંસમાંથી પોતાની ઉમેદવારી કરી હતી. અને ઉમેદવારી કરતા પહેલા નાગનાથ મહાદેવ અને રામજી મંદિરે આશીર્વાદ લઈ બપોરે ૧૨ વાગ્યે પોતાના ઉમેદવારીપત્રો પ્રાંત અધિકારી સમક્ષ રજુ કર્યા હતા. તેમ અમરેલી શહેર કોગ્રેંસ પ્રમુખ શ્રીસંદિપ પંડયાએ જણાવ્યું છે.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## બોટાદના વડ ગામ નજીક પશુધનને બચાવતા શ્રી સામતભાઇ જેબલીયા


### પશુધન અંગે પોલીસને જાણ કરાતા મુદ્દામાલ જપ્ત કરાયો



અમરેલી, બોટાદ ના જાણીતા ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ને તેમના બાતમી દારે રાત્રે માહિતી આપી હતી કે વડગામ તાલુકાના બસુ ગામે થી એક ટ્રક મા ભરી અબોલ પશુને રાજસ્થાન કતલખાને લઈ જાય છે આ માહિતીના આધારે બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા એ તાબડતોબ વડગામ અને છાપી પોલીસ ને જાણ કરતા છાપી પોલીસ બસુ ગામ તરફથી આવતા રસ્તે માહી ગામે રોડ ઉપર વોચમાં ગોઠવાઈ ગયેલ તે દરમ્યાન મોડી રાત્રે બસુ ગામ તરફથી માહિતી મુજબ નો એક ટ્રક ફુલ ઝડપે માહીગામ પાસે આવતા વોચમાં ઉભા રહેલ ત્યારે છાપી પોલીસે આવતા તે ટ્રક ને ઊભો રખાવી ટ્રક મા ચક કરતાં, ૧૪ અબોલ પશુને ટુકા દોરડાંથી ક્રૂરતાપુવેક બાધેલ જોવા મળેલ અને ટ્રક મા ઘાસ ચારો કે પાણી ની કોઈ સુવીધા નતી તેથી ટ્રક ચાલક ને તેનું નામ પુછતા ટ્રક ચાલકે પોતાનુ નામ મોસીનખાન બલોચ જણાવેલ અને આ અબોલ પશુને હેરફેર માટે કોઈ આધાર પુરાવા નતા અને ટ્રક મા પશુ હેરફેર ની આરટીઓ ની કોઈ પાસ પરમીટ નતી તેથી ટ્રક ચાલક ને વધારે પુછપરછ કરતાં પોલીસ ને જાણવા મળ્યું કે આ અબોલ પશુને બસુગામે થી આરીફ કુરેસી એ ભરી આપેલ છે અને રાજસ્થાન કતલખાને લઈ જતા હોવા નુ જાણવા મળેલ તેથી છાપી પોલીસે કાયદેસર ની કાયેવાહી કરી, ૧૦, દસલાખ, ૮૦,૦૦૦, એસીહજાર નો મુદામાલ જપ્ત કરવામાં આવેલ અને કતલખાને જતા બચાવેલ ચવુદ, ૧૪,, અબોલ પશુ ભેંસોને નજીક ની ગૌશાળા પાંજરાપોળમાં સુરક્ષિત મુકી આવેલ અને આગળ ની વધુ તપાસ છાપી પોલીસ ચલાવશે તેમ બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ની યાદીમાં જણાવાયું છે.

## કુંકાવાવનાં દેરડી રોડ પર મોટર ગેરેજમાં આગ લાગી

### અમરેલી ફાયર કન્ટ્રોલની ટીમે દોડી જઇ આગ કાબુમાં લીધી



અમરેલી,

તારીખ ૩૧/૦૧/૨૦૨૫ના રોજ સાંજે ૦૯:૦૦ કલાકે અમરેલી શહેરનાં મોટી કુકાવાવ તાલુકા ખાતે દેરડી રોડ પર આવેલ હિતેષભાઈ રવજીભાઈ મોવલીયા ના રામદેવ મોટર્સ ગેરેજમાં આગ લાગવાની ઘટના બનેલ હતી. જેની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે જાણ કરતાં ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ એક ફાયર ટેન્ડર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવેલ હતો. સદનસીબે કોઈ પ્રકારની જાનહાની થવા પામેલ નથી.

આગ બુજાવનાર ફાયર સ્ટાફનાં હિંમતભાઈ બાંભણીયા, આનંદભાઈ જાની, ઋત્વિકભાઈ ભીમાણી, નિલેશભાઈ સાનિયા, કૃષ્ણ ભાઈ ઓળકિયા, સાગરભાઈ પુરોહિત સહિતે ફરજ બજાવી હતી.

### પ્રજ્ઞાચક્ષુ બાળ કલાકાર મહાવીર ખાચર ગાયન ક્ષેત્રે સફળ

## રાજુલા પંથકમાં રામવાળાનો રાહડો અને ગીતોએ સોશ્યલ મિડીયામાં ધૂમ મચાવી

### બાળ કલાકાર મહાવીરભાઇ ખાચરને લોકોનો આવકાર



રાજુલા, (કનુભાઈ વરૂ) આપણે બધા વચ્ચે એક નાના એવા બાળ કલાકાર દ્વારા રામબાપુવાળા (રામવાળા) ના રાહડા નો એક વિડીયો આવેલો અને ખુબ સરસ રીતે બાળ કલાકારે રામવાળા ના રાહડો ગાયેલો હતો. ૧૧ વર્ષીય પ્રજ્ઞાચક્ષુ શ્રીમહાવીરભાઈ નવદીપભાઈ ખાચર જેવો રાજકોટ રહે છે અને પોતે બંને આંખોથી જોઈ નથી શકતા પણ કહેવાય છે ને કે જ્યારે ભગવાન કોઈ એક ખામી આપે છે તો સામે એક ખૂબી પણ આપે છે આ બાળ કલાકાર ની માથે મા પણ કૃપા અનમોલ છે અને ખુબ સરસ ગાય છે આજે ખાસ તેમને રૂબરૂ મળવાનો વિચાર આવ્યો અને કોન્ટેક મેળવીને તેમને પપ્પાની સાથે વાત થઈ તો જાણવા મળ્યું કે તે ભાઈ રાજકોટ જ રહે છે અને તેઓ સાંજે મળવા પણ આવેલા ઈશ્વરે દરેકને કંઈક ને કંઈક ખૂબી રૂપે ભેટ આપેલી છે ઘણીવાર તે અનમોલ ભેટ પોતે નથી જાણી શકતા અથવા તો સમાજ સામે નથી લાવી શકતા જેથી તે ખૂબી માણસના જીવનમાં તેમની કલા ક્યાંક ને ક્યાંક દબાઈને રહી જતી હોય છે. તો આવો આપણે સૌ મળીને આ બાળ કલાકારને બને એટલા હાઈ લાઈટ કરીએ સોશિયલ નો યોગ્ય ઉપયોગ થાય માણસ દરેક શિખર સર કરી શકે છે. લોકો પ્રિય થયેલ છે એ ગીત રામવાળા નો રાસડો તેમજ અન્ય ગીતો મોબાઈલ તેમજ સોશ્યલ મીડીયા પર પ્રસિદ્ધ થયા છે. મોટા સ્ટેજ કલાકારોએ આવા નાના ઉગતા બાળ કલાકારોને પ્રસિધ્ધિ થાય તે માટે સાથે લઈ તેની કલા રજૂ કરવા કરાવવાનો પ્રયાસ કરે તેવી કલાકારો ને સ્ટેજ આપવા ભાવકો માં માંગણી અને લાગણી ઉઠી છે. અને પોતે પણ અંધ હોવા છતાં તેનો મધુર અવાજ વીડિયોમાં વારંવાર સાંભળવાનું લોકોને મન થાય છે સમગ્ર કાઠી સમાજ તેમજ લોક કલાકારો અવાજ સાંભળી સૌરાષ્ટ્ર સંગીત પ્રેમી એવા રાજુલા ના કવિ શ્રી ’હેમાળવી’ શશીભાઈ રાજગુરુ તથા લોક સાહિત્યકાર જોરુભાઈ તથા ભજનપ્રેમી અનકભાઈ વાળા તથા આલાભાઈ મજાદર તથા શૈલેષ વાઘેલા તથા અશ્વિનભાઈ વડ સહીત લોકોમા માગણી ઉઠી છે.

## રાજકોટ શહેરમાં મહાપાલિકા દ્વારા ફાયરનો ટેક્સ વધારવાની દરખાસ્ત

રાજકોટ,

રાજકોટમાં મહા નગરપાલિકાએ શહેરીજનો પર ફાયર ટેક્સ લગાવ્યો છે. સ્ટ્રીટલાઈટ, પાણી, મકાન, રસ્તા વગેરે પર લાદવામાં આવેલા કર બાદ ફાયર ટેક્સ પણ પ્રજાએ ભરવો પડશે. ચૂંટણીના વર્ષમાં પણ વેરા વધારાની દરખાસ્ત કરાતા પ્રજાનું ખિસ્સાનું ભારણ વધશે.

મળતી માહિતી મુજબ, રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ બાદ મ્યુનિસિપલ તંત્ર સફાળું જાગ્યું છે. રહેણાંકો માટે રૂપિયા ૧૫ અને કોમર્શિયલ ઉપયોગ પર રૂપિયા ૨૫ ફાયર ટેક્સ લગાવાયો છે. રાજકોટ મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર રજૂ કર્યું છે. સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મ્યુનિસિપલ કમિશનર દ્વારા રૂપિયા ૩૧૧૨.૨૯ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે.

કમિશ્નર દ્વારા નવા વેરામાં રૂપિયા ૧૫૦ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે, જેમાં નવો ફાયર ટેકસ, ડોર ટુ ડોર ટેકસમાં પણ વધારો કરવાનું સૂચન કર્યુ છે. કાર્પેટ એરિયા ટેકસમાં સુધારો કરવામાં આવ્યો છે. મનપા દ્વારા લાદવામાં આવેલા કરવેરાથી નગરજનોને મિલકત વેરામાં પણ બોજો આવશે. ૭૦૦ કરોડથી વધુ જમીન વેચાણ કરવાનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો છે.

## રાજુલાનાં દેવકાની વિદ્યાપીઠ દ્વારા હમ હોંગે કામયાબ સેમીનાર યોજાશે

### સુપ્રસિધ્ધ મોટીવેશ્નલ સ્પીકર શ્રી સગપરીયા વક્તવ્ય આપશે




રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા તાલુકા ના દેવકા ગામે પ.પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા નિર્મિત દેવકા વિદ્યાપીઠ દ્વારા ’હમ હોંગે કામયાબ’ શિર્ષક થી ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ને તેમની ઉજ્વળ કારકીર્દી બનાવવા અર્થે મોટીવેશનલ સેમીનારનું આયોજન આગામી તા. ૫/૨/૨૫ ને બુધવાર ના રોજ સવાર ના ૯.૦૦ પ્રાર્થના હોલ ખાતે કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત ના સુપ્રસિધ્ધ મોટીવેશન સ્પીકર શ્રી શૈલેષભાઈ સગપરીયા કે જેઓ ગુજરાત સરકાર ના સુપર ક્લાસ વન અધિકારી તેમજ આજની વાર્તા ના નામથી પંચોતેર હજાર લોકો સાથે સીધો સંવાદ કરવા નો રેકોર્ડ ધરાવે છે. તેઓ વિદ્યાર્થીઓ ને કારકિર્દી વિષક, પરીક્ષા લક્ષી માર્ગદર્શન તેમજ ને માર્ગદર્શન ઉપરાત ઉજ્વળ ભવિષ્ય બનાવવા અને વિધ્યાર્થીઓ ને ધ્યેય સુધી પહોચવા વક્તવ્ય આપશે. દેવકા વિધ્યાપીઠ દ્વારા વિધ્યાર્થીઓ મા આત્મવિશ્વાસ જગાડવા તેમજ સફળતા ની ગુરુ ચાવી મેળવવા અને સ્કુલ ની સફળતા નો ગ્રાફ ઉચો લાવવા આ આયોજન કરવામાં આવેલ છે. આ સેમીનાર મેનેજીંગ ટ્રસ્ટીશ્રી એચ.ડી. ગોયાણી સાહેબની માં યોજાશે તેમજ આ તકે શિક્ષક સ્ટાફ હરેશભાઈ જેઠવા, તથા પ્રીન્સીપાલશ્રી બેલા બેન નાયક દ્વારા આયોજન થયેલ છે. સ્કુલ ના વાલીઓ એ તેમજ શ્રોતા જનો એ સમય સર સેમીનાર માં હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયુછે.

## પાટણમાં ગેરકાયદેસર ડીઝલ વેચાણનો પર્દાફાશ કરતી એસઓજી પોલીસ ટીમ

પાટણ,

પાટણમાં ગેરકાયદે ડીઝલના વેપલાનો એસઓજી પોલીસે પર્દાફાશ કર્યો છે. મેલુસણ ગામ નજીક આવેલા પાર્લરમાંથી ૧૦૫ લીટર ડીઝલ જપ્ત કરી રૂપિયા ૪૯૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

પાટણ જીલ્લામાં પાટણ શિહોરી હાઈવે પર આરોપી કિરણ દેસાઈ નજીકના ગામોમાં ડીઝલ વેચાણ કરતો હતો.

પોલીસને આરોપી ગેરકાયદેસર ડીઝલનું વેચાણ કરી રહ્યો હોવાની બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીઝલનો વેપલો ચાલતો હતો ત્યારે એસઓજી ત્રાટકી હતી. મેલુસણ ગામ નજીક આવેલા પાર્લરના પાછળના ભાગમાંથી ૧૦૫ લીટર ડીઝલ જપ્ત કર્યુ છે.

એસઓજી પોલીસે સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડા દરમિયાન, મોબાઈલ ફોન, મોટરસાયકલ સહિત રૂપિયા ૪૯,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, આરોપી કિરણ દેસાઈ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

### સાબરકાંઠા ટ્રાફિક પોલીસે રોંગ સાઈડમાં આવતા વાહન ચાલકો સામે કરી કાર્યવાહી

### કેન્દ્રીય નાણા મંત્રી નિમલા સિતારમણ દ્વારા રજૂ કરવામાં આવેલ

## યુનિયન બજેટ વર્ષ ૨૦૨૫-૨૬ને આવકારતા અમરેલીના પૂર્વ સાંસદ શ્રી નારણભાઇ કાછડીયા

### પૂર્વ સાંસદે સવાંગી બજેટ બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી નાણામંત્રી શ્રીમતિ નિર્મલા સિતારમણનો આભાર વ્યક્ત કર્યો



અમરેલી,

તારીખ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ લોકસભા ગૃહમાં કેનીય મંત્રી શ્રીમતિ નિમલા સીતારમણજી દ્વારા રજૂ કરવામાં આવેલ યુનિયન બજેટ વષ ૨૦૨૫-૨૬ ને અમરેલીના પૂવ સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ આવકારેલ છે અને બજેટને સવાંગી બજેટ ગણાવ્યુ છે. તેમજ બજેટ બદલ દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્ભાઈ મોદી સાહેબ અને કેનીય નાણા મંત્રી શ્રીમતિ નિમલા સિતારમણનો આભાર વ્યક્ત કરેલ છે.

સાંસદશ્રીએ બજેટના મુખ્યાંશ અંગે માહીતી આપતા જણાવેલ છે કે, આ બજેટમાં સરકાર ારા નથબદ ઉપર વધુ ધ્યાન આપાવમાં આવ્યુ છે. નથબદ એટલે ગરીબ, યુવાન, અને નારી શક્તિ. સાથોસાથ સરકાર ારા વિકાસમાં ઝડપ લાવવી, ખાનગી ક્ષેત્રોનું રોકાણ, સમાવેશી વિકાસ, ઘરેલુ ભાવનાઓનું ઉત્થાન અને મધ્યમવગ ની ખરીદ શક્તિ વધારવી જેવી ઉપર વિશેષ ધ્યાન આપવાનો પ્રયાસ કરેલ છે.

ઉપરાંત બજેટમાં કેન્સર જેવી ગંભીર બિમારીઓની ૩૬ જેટલી દવાઓને ટેક્સ ફ્રી કરવામાં આવી છે. કિસાન ક્રેડીટ કાડની ૩ લાખ માંથી વધારી પાંચ લાખ કરવામાં આવી છે. નાના ઉદ્યમીઓ માટે વિશેષ ક્રેડીટ કાડ આપવાનો નિણય કરવામાં આવ્યો છે જેમાં પ્રથમ વષે ૧૦ કાડ ઈશ્યુ કરવામાં આવશે. તેમજ સ્ટાટઅપ લોન ૧૦ કરોડથી વધારી ૨૦ કરોડ કરવામાં આવી છે. તમામ સરકારી શાળાઓમાં બ્રોડબેન્ડ કનેકટીવીટી વિના મૂલ્યે આપવાનું તેમજ ધનધાન્ય યોજનાનું પણ એલાન કરવામાં આવ્યુ છે જેનાથી કરોડો ખેડૂતોને તેનાથી મદદ મળશે. ખાસ કરીને મધ્યમ વગ માટે આ બજેટમાં મહત્વની જાહેરાત કરવામાં આવી જેમાં ૧૨ લાખ રૂપીયાની આવક ઉપર ઈન્કમટેક્સ નહી લગાડવાનો નિણય ખૂબ જ સરાહનીય છે. અંતે પૂવ સાંસદશ્રીએ આ બજેટથી નિવેશ, બચત, ઉપભોગ અને વિકાસ તેમ જણાવી સવાંગી કેનીય બજેટ રજૂ કરવા બદલ પુનઃ પ્રધાનમંત્રી શ્રી નરેન્ભાઈ મોદી અને કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતિ નિમલા સિતારમણનો આભાર વ્યક્ત કરેલ

### અવસાન નોંધ

ભાવનગર

સ્વ.મોહનલાલ ભગવાનદાસ ચંદારાણાનાં પુત્ર ભાસ્કરભાઈ ઉ.વ.૮૫ તા.૩૧-૧-૨૫ ને શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.મનસુખલાલ, પ્રતાપભાઈ, સ્વ.મહેન્દ્રભાઈનાં નાનાભાઈ, સ્વ.ચંદ્રકાંતભાઈ, પ્રમોદભાઈ, સ્વ.ભદ્રાબેન, સ્વ.ચંદ્રિકાબેનનાં ભાઈ યુગ પ્લાસ્ટિકવાળા, પિયુષભાઈનાં પિતાશ્રી, નૈનાબેન, દુર્ગાબેનનાં સસરા, સ્મિત (રામ), દર્પણ, પ્રિન્સ, યુગના દાદા, સ્વ.ઠક્કર ભુપતરાય વિઠ્ઠલદાસ (મરચાવાળા)નાં જમાઈ, સ્વ.રમેશચંદ્ર, સ્વ.ભરતભાઈ, સ્વ.પ્રવિણચંદ્ર, સ્વ.પ્રદિપભાઈનાં બનેવી થાય. જેનું ઉઠમણું ક્રિયા અને સસરા પક્ષની સાદડી સોમવાર તા.૩-૨-૨૦૨૫ ને સાંજે ૪:૩૦ થી ૬ કલાકે માતુશ્રી વિરબાઈમા સત્સંગ હોલ, જલારામ મંદિર, આનંદનગર, ભાવનગર ખાતે રાખેલ છે.

## નડીયાદનાં સંતરામ મંદિરે પૂ. મોરારીબાપુની રામકથાનો પ્રારંભ

### ૯૫૧ મી કથાનો શનિવારથી પ્રારંભ થતા ધર્મલાભ લેતા ભાવિકો



રાજુલા, (કનુભાઈ વરૂ)

તારીખ પહેલી ફેબ્રુઆરીના રોજ પૂજ્ય મોરારીબાપુની ૯૫૧ મી રામકથાનો શ્રી સંતરામ મંદિર નડિયાદ ખાતે પ્રારંભ થયો ત્યારે એમણે ઉપરના શબ્દો ઉચ્ચાર્યા હતા. એમણે કહ્યું હતું કે જેના પાયામાં સત્ય હોય, વચ્ચે પ્રેમ હોય અને જેનું શિખર કરુણાથી મઢેલું હોય એવા એક વિશ્વ મંદિરની આજે આપણને સૌને જરૂરિયાત છે.

અને આવો એવા એક મંદિરનું આપણે નિર્માણ કરીએ. ઉલ્લેખનીય છે કે શ્રી સંતરામ મંદિર નડિયાદ ખાતે પૂજ્ય બાપુ ની આ છટ્ઠી રામકથા યોજાઈ રહી છે એ વખતે એમણે અનેક જાણીતા સંતો મહંતો ગાદીપતિઓ ની વિશેષ ઉપસ્થિતિમાં માનસ યોગીરાજ વિષય હેઠળ રામકથાનો પ્રારંભ કરાવ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ ધારાસભ્ય પંકજ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## વેરાવળમાં એસટી ડેપોના ડ્રાઇવરોને ટ્રાફિક નિયમો અંગે માર્ગદર્શન અપાયું

### જિલ્લા ટ્રાફિક પોલીસ અને એસટી દ્વારા સંયુક્ત આયોજન

ગીર સોમનાથ, ગીર સોમનાથ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા વેરાવળ એસ.ટી.ડેપોના ડ્રાઈવરોને ટ્રાફિકના નિયમો અને ટ્રાફિક સિગ્નલ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાહન અકસ્માતો અને ટ્રાફિકની સમાસ્યાઓને નિવારવા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા સત્વરે કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત રોડ ઉપર વાહન ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની કાળજી અંગે એસ.ટી.ડેપોના ડ્રાઈવરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા વેરાવળ એસ.ટી.ડેપોના ડ્રાઈવરોને ટ્રાફિક નિયમો અને ટ્રાફિક સિગ્નલ અંગે માહિતી આપી હતી.

### ઉબા ગામેથી સગીરનુ અપહરણ કરાયું

વેરાવળ, વેરાવળ તાલુકાના ઉબા ગામે રહેતી સગીર ને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી લઈ જતા પોલીસે અપહરણ નો ગુનો નોધી તપાસ હાથ ધરેલ છે. વેરાવળ તાલુકાના ઉબા ગામે મુકેશભાઈ રામભાઈ ચાંડપા ના ઘરે તેની ભાણેજ રહેતી હતી તેને કેશોદ તાલકાના સીમરોલી ભાટ ગામના આર્યન વલ્લભભાઈ સોલંકી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભાડી જઈ અપહરણ કરી જતા ગુનો નોધી તપાસ હાથ ધરેલ છે.

## જિલ્લામાં વર્ષ દરમિયાન ૪૦, ૯૭૫ આરોગ્ય કાર્ડ અપાયા

### રૂા. ૩૫. ૨૬ કરોડના ખર્ચે ૧૯, ૩૩૦ વ્યક્તિઓને પીએમજય યોજનાનો લાભ મળ્યો

અમરેલી, આરોગ્ય સેવાઓને જન જન સુધી લઈ જવા માટે અને નાગરિકોના નિરામય સ્વાસ્થ્ય માટે રાજ્ય સરકારનું આરોગ્ય વિભાગ કટીબદ્ધ છે. અમરેલી જિલ્લામાં જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા વર્ષ દરમિયાન સમગ્ર જિલ્લામાં આરોગ્યવિષયક વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની આરોગ્ય વિષયક યોજનાઓ અને કાર્યક્રમો સુધી છેવાડા માનવીને સ્વાસ્થ્ય સેવાઓ પ્રાપ્ત થઈ રહી છે.

રાજ્ય સરકારની મા યોજના અને મા વાત્સલ્ય યોજનાનું પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં રુપાંતરણ કરવામાં આવ્યુ છે. જિલ્લામાં ચાલુ વર્ષે ૪૦,૯૭૫ આરોગ્ય કાર્ડ કાઢવામાં આવ્યા છે. નાગરિકોને રુ.૧૦ લાખનું આરોગ્ય કવચ પ્રાપ્ત થયુંછે. જિલ્લાના ૯૩ આરોગ્ય કેન્દ્રો અને ઐંજીણ ખાતે કાર્ડ કાઢવાની કામગીરી કરવામાં આવે છે, જેમાં વર્ષ દરમિયાન રુ.૩૫.૨૬ કરોડના ખર્ચે ૧૯,૩૩૦ વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળ્યો છે.

પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત ૫,૩૩૦ નાગરિકોને રુ.૧,૮૯,૨૩,૦૦૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે. જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત રુ.૧૭,૪૪,૭૭૪ની સહાય લાભાર્થીઓને ચૂકવવામાં આવી છે.

શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય અંતર્ગત ૩,૫૫,૬૨૪ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી. જેમાંથી હ્રદયના ૧૯૬, કિડનીના ૮૫, કેન્સરના ૫૫, થેલેસેમિયાના ૯, ડેફ એન્ડ મ્યૂટ ૨૭ અને આ સિવાય ૧૮ વર્ષથી નાની ઉંમરના ૧૩૯ બાળકોને મોટી ગંભીર બીમારીમાં વિના મૂલ્યે રાજ્ય સરકારની આરોગ્યલક્ષી વિવિધ યોજનામાંથી ઉચ્ચકક્ષાની હોસ્પિટલમાં ઓપરેશન અને સારવાર આપવામાં આવી છે. જરુરિયાતવાળા ૧,૪૨૭ નંબરના ચશ્મા નિઃશુલ્ક આપવામાં આવ્યા છે.

નિરામય ગુજરાત અભિયાન અંતર્ગત જિલ્લામાં ૨,૪૩,૮૯૮ વધુ નાગરિકોએ બિનચેપી રોગોનું સ્ક્રિનિંગ કરાવ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન માતૃબાળ કલ્યાણ પ્રોગ્રામ અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૪ અંતિત ૨૨,૬૧૩ સગર્ભા માતાઓનું રજિસ્ટ્રેશન કરી સારવાર આપવામાં આવી છે તથા ૨૩,૦૦૧ બાળકોને ૧૧ જેટલા રોગો સામે રક્ષણ માટે વિવિધ રસીઓથી રક્ષિત આવ્યા છે.

વર્ષ-૨૦૨૪ દરમિયાન કેરિયાનાગસ, હાથસણી, માંડવડા અને અમૃતવેલ સબ સેન્ટરના નવા ભવનનું નિર્માણ કરવામાં આવ્યું. પી.એચ.સી. ખંભાળા, આંબરડી, જૂના સાવર તથા ૧૯ સબ સેન્ટરના નવા ભવન બનાવવા માટેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. નેશનલ હેલ્થ મિશન અંતર્ગત રુ.૫૧.૯૪ કરોડ મંજૂર થયેલા બજેટ સામે ડિસેમ્બર-૨૪ અંતિત રુ.૨૬.૯૪ કરોડનો ખર્ચ છે. આલેખન: જયમિશ્રા

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

## મહુવામાં રોકડ રકમ સાથેનું પર્સ મુળ માલીકને શોધી પરત કર્યુ

### તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પર્સ શોધી આપી ઉમદા સેવા કરી



મહુવા, હેડ કોન્સ્ટેબલ બી.કે.બાલધિયા તથા હેડ કોન્સ્ટેબલ કે.બી.જોષી તથા એસઆરડી જવાન સુનિલભાઈ એ રીતેના મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ મહુવા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક નિયમન અંગે કામગીરીમા હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ બી.કે.બાલધિયા નાઓને બગીચા ચોક વિસ્તારમાંથી એક પર્સ મળી આવેલ હોય જેમા ચેક કરતા રોકડ રૂપિયા ૨૮૫૦/- તેમજ બે આધાર કાર્ડ મળી આવેલ હોય, જેથી આ બાબતે પોલીસ ઈન્સ્પેક્ટર એચ.જી.ભરવાડને જાણ કરતા તેઓની સુચના મુજબ મુળ માલિકનો સંપર્ક કરી ‘તેરા તુજકો અર્પણ ‘અંતર્ગત માલિક મુનાભાઈ કલાભાઈ શિયાળ રહે નીચા કોટડાવાળાને પર્સ સોંપી આપેલ અને એક રીતે મહુવા ટાઉન પોલીસ દ્વારા માનવસેવાનુ ઉમદાકાર્યનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું હતું.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## મત ગણતરી કેન્દ્ર પર મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેક્ટેડ ઉપકરણો લઈ જઈ શકાશે નહીં

### આદર્શ આચારસંહિતાના અમલ માટે જાહેરનામું

ભુજ,

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા.૨૧/૦૧/૨૦૨૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલી છે અને કચ્છ જિલ્લામાં તા.૧૬/૦૨/૨૦૨૫ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ સુધી ચાલશે. આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૬/૧૨/૧૯૯૪ના હુકમ ક્રમાંકઃ એસઈસી/ઈએલસી/એમયુએન/એસસીએલ/૯૪ની વિગતે અને ભારતના ચૂંટણી પંચે, સૂચના ક્રમાંક ૪૬૪/આઈએનએસટી /૯૮/પીએલએન-ૈં તા.૧૪/૦૨/૧૯૯૮ થી, મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ તથા મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્ર ખાતે નિવારક પગલાં લેવા બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. જેથી અમિત અરોરા,ૈં છજી, જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ - ભુજએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ સંદર્ભે મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ તથા મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્ર ખાતે નિવારક પગલાં લેવા બાબતે હુકમો કર્યા છે.

